સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

રંધાય સત્તાની ખટપટ સમય બંધાય છે
એમને સાંભળવું જ નથી કે મોટું ગંધાય છે,
ધૂંધવાય છે વિરોધ અભિવ્યક્તિ વિનાનો -
ને બહુમતિમાં વિરોધનો અવાજ રૂંધાય છે.
(વિધાનસભા ડખો)

હાઈકુ

પત્ની-પ્રેમિકા
ની હાજરીથી થયાં -
મન ચલિત?!
(સેમી - માં હાર્યા)

લ્યો થઇ જશે!
ચર્ચા-બેઠકોમાં જ
ગંગા સફાઇ!!
(પ્લાન - પરિશ્રમ)

ચિંતન

આશૈવ રાક્ષસી પુંસામશૈવ વિષ મંજરી ।
આશૈવ જીર્ણ મદિરા ધિગાશા સર્વદોષભૃ: ॥

'આશા માણસોને માટે રાક્ષસી સમાન છે આશા એ ઝેરનું બીજ છે. આથી સર્વદોષોના સ્થાન-ઉદ્‌ગમ સ્વરૂપ આશાને ધિક્કાર છે.'

આશા-ઇચ્છા-વાંછના-અપેક્ષા- મન થવું એ જ્વાળામુખીના દબાતો - ઘૂંટાતો મુંઝાતો લાવા છે. કોઇ પણ - ક્યાંક નબળી ક્ષણ-પોચી જમીન જોઇએ ફાટી નીકળે છે અને સર્વનાશ કરી નાખે છે મન-ઇચ્છાના અનેક નામ છે અને એને જુદાં જુદાં નામ આપી પંપાળે છે.

આશા અમર્યાદિત છે. અનંત છે એ ક્યારે પૂર્ણ થતી નથી. ઇચ્છાઓનું રાક્ષસી ખપ્પર માયાવી છે. 'મહત્ત્વાકાંક્ષાઓ'ના લાકડાં જેટલાં નાખો તે બધાં અગ્નિમાં હોમાઇ જાય છે. આશા એવો, જુના દારૂ જેવો નશો છે કે માણસ બધું જ ભાન ભૂલી જાય છે.

વ્યસની લોકો જેમ ભાંગ-ચરસ-અફીણના નશામાં ડૂબેલો રહે છે. આશા-ઇચ્છા એવી બૂરી આદત છે - નશો છે - ઝેર છે જે અંતે તો સર્વનાશ જ આપે છે.

સુવિચાર

- તમારી વાણી એ તમારા આત્માનો અરીસો છે, જેવું તમે બોલો એવો તમારો આત્મા - ટોલ્સ્ટોય
- ભવ્ય વિજયનો જન્મ તમારા વિચારોમાં થાય છે, વિચારસરણી બદલો અને જુઓ જીવન ચમત્કારિક રીતે બદલાય છે - સાધુ વાસવાણી
- સુખની યાત્રા પોતાના 'સ્વ' થી શરૂ થઇ 'સર્વ'માં પૂરી થતી હોય છે- એસ. ભટ્ટાચાર્ય
- સૂર્ય ઊગે છે અને રોજ એક નવી તકનું 'એલાર્મ' વગાડે છે - જાપની કહેવત
- સૌથી સુંદર હાસ્ય એનું જ જે છેવટ સુધી હસતો રહે - શ્રી શ્રી રવિશંકર
- રાત્રે ઉપાસના કરનારને જેવું ફળ પ્રાપ્ત થાય છે તેવું જ ફળ દિવસે જેઓ અન્યને નુકશાન કરતાં નથી તેઓને પ્રાપ્ત થતું હોય છે - માનસસૂત્ર
- હાલરડું એટલે મા નામના પ્રદેશનું રાષ્ટ્રગીત - ઝેન કથન

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આપણે આપણી જાતને સર્વજ્ઞ, બુદ્ધિમાન અને શ્રેષ્ઠ સમજતા હોઇએ છીએ તેથી નમ્રતા-વિવેક અને સંબંધો આપણાથી દૂર ભાગતા રહે છે. જે પોતાને અજ્ઞાની અને પામર સમજે છે એ જ જીવનમાં શ્રેષ્ઠ-સુખ પામે છે.

ગામનો જમીનદાર ઉગ્ર સ્વભાવનો અને પોતાને સર્વોપરી - શ્રેષ્ઠ - બુદ્ધિમાન સમજતો બધાનું ચાલતાં અપમાન કરી નાખતો. લોકો તેનાથી ડરતાં - ગભરાતાં અને દૂર રહેતાં. ઘણીવાર જમીનદાર આને કારણે એકલતાં અનુભવતો હતો.

એમના ગામમાં એક ત્રિકાળજ્ઞાની મહાત્મા રહેતા હતા. જમીનદાર એને મળવા ગયા. મહાત્મા ઝૂંપડી સાફ કરતા હતા. જમીનદારને એમ કે આવો સાદો માત્ર પોતડીભેર મહાત્માનો કોઇ નાનો શિષ્ય હશે એટલે એને તુમાખીથી પૂછ્યું, એય! હું ગામનો જમીનદાર છું મને મહાત્માના દર્શન કરવા છે!

મહાત્મા એને ઝૂંપડીમાં લઇ ગયા. આસન પર બેઠા ને પૂછ્યું - બોલો! જમીનદાર તમને શું તકલીફ છે?

જમીનદાર કહે, મને કોઇ પ્રેમ-સન્માન નથી આપતું ડરે છે ખરા...

મહાત્મા કહે તમે બીજા બધા 'જમીનદાર' છે એમ સમજી પ્રેમ-માન-સન્માન આપો અને તમે સાદા ખેતમજૂર છો એવું મનમાં સમજો - તો તમને આપોઆપ લોકો માન-સન્માન-પ્રેમ-વાત્સલ્ય-લાગણી આપશે...

જમીનદારની આંખ ઊઘડી.

Email - sureshchandrabhatt18@gmail.com

કવિતા હૃદયના એવા ખાનામાંથી આવે છે જ્યાં લાગણીએ માળો બાંધ્યો હોય છે, કવિતા એ સાધના છે, કવિતા આંસુઓમાં ઝબોળાઇને આવતી હોય છે

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
શબ્દ સેતુ
સંપાદક : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

સાહિત્ય સમાચાર

● બાળ સાહિત્ય અંગે અમરેલીમાં સંગોષ્ઠિ

બાલસાહિત્ય અકાદમી, અમદાવાદ, રૂપાયતન ટ્રસ્ટ અમરેલી, લોક વિજ્ઞાન કેન્દ્ર અમરેલી, સર્જક-સેતુ અમરેલીના ઉપક્રમે બાલભવન અમરેલીમાં ડો. વસંત પરીખના અધ્યક્ષ સ્થાને વિચાર સંગોષ્ઠિ યોજાઇ ગઇ. તેમાં 'વિચાર સંગોષ્ઠિની સ્મરણિકા' તેમજ ગુણવંત જોષીનો વાર્તા સંગ્રહ 'અરણ્યવાસ' રવજીભાઇ કાયાનો બાળવાર્તા સંગ્રહ 'સોનેરી રાજહંસ', હસમુખ બોરણિયાના બાળવાર્તા સંગ્રહ 'ચકલીનો માળો' પુસ્તકનું વિમોચન અધ્યક્ષના વરદ હસ્તે કરાયું હતું. રસિકભાઇ શાહે લેખકોનું શાલ ઓઢાડી સન્માન કર્યું. આ કાર્યક્રમમાં ડો. કાલિન્દીબહેન પરીખે 'રમેશ પારેખનું બાળ સાહિત્ય' વિશે વિસ્તૃત અને પ્રભાવી વ્યાખ્યાન આપ્યું હતું. જ્યારે યશવંત મહેતાએ 'બાળ સાહિત્યમાં વૈજ્ઞાનિક અભિગમની કેળવણી' વિશે અને ભારતીબેન ગોરે 'સૌરાષ્ટ્ર' કચ્છના 'બાળસાહિત્યનો ઇતિહાસ' વિશે મનનીય પ્રવચન કર્યું હતું. ડો. ઇશ્વર પરમારે સમાપન કર્યું હતું.

● લલિત ત્રિવેદીની પંક્તિ પરથી મુશાયરો યોજાયો

નર્મદ સાહિત્ય સભા અને ગુજરાતી સાહિત્ય સભાના સંયુક્ત ઉપક્રમે સાહિત્ય સંગમના સંસ્કાર ભવનમં સુરત કાતે તરહી મુશાયરો થયો. જેમાં મનહરલાલ ચોકસી પારિતોષિકથી પુરસ્કૃત રાજકોટના કવિ લલિત ત્રિવેદીની પંક્તિઓ અપાઇ હતી. જેમાં બકુલેશ દેસાઇએ શરુઆતમાં કહ્યું હતું કે માતૃભાષા ગૌરાન્વિત થાય તેવા પ્રયાસો થવા જોઇએ. ગઝલ વધુ ને વધુ સંમાર્જિત થાય એવો તરહી મુશાયરાનો પ્રયાસ હોય છે. શ્રી પ્રજ્ઞાવશીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કિરણસિંહ ચૌહાણ, ગૌરાંગ ઠાકર, બકુલેશ દેસાઇ, ગુણવંત ઠક્કર 'ધીરજ', 'રમેશ ગાંધી' યામીની વ્યાસ, હિતેશ પટેલ, હેમંત, રવીન્દ્ર પારેખ, દિલીપ ઘાસવાલા, સરસા સુતરિયા 'સરલ', રમેશ પટેલ અને જિજ્ઞા ત્રિવેદીએ ગઝલો રજૂ કરી હતી. નયન દેસાઇએ અધ્યક્ષ સ્થાનેથી જણાવ્યું હતું કે કવિતા હૃદયના એવા ખાનામાંથી આવે છે જ્યાં લાગણીએ માળો બાંધ્યો હોય છે. કવિતા એ સાધના છે. કવિતા આંસુઓમાં ઝબોળાઇને આવતી હોય છે. કવિને આંસુ આવતા હોય છે. કવિને એકલતા કવિતા આવતી હોય છે. તરહી મુશાયરામાં રજૂ થયેલી ગઝલોથી આનંદ એટલે છે કે નવોદિતો સતત સારી કવિતા લખવા પ્રયત્નશીલ રહે છે.

● ડો. ચંદ્રકાન્ત શેઠ પ્રેરિત 'બાળ મિત્ર વ્યાખ્યાનમાળા' વડોદરા ખાતે યોજાઇ

ગુજરાત સાહિત્ય પરિષદ અને પ્રેમાનંદ સાહિત્ય સભા વડોદરાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ વ્યાખ્યાનમાળામાં 'સાંપ્રત બાળકવિતામાં સર્જકતા' વિશે ડો. વિરેચી ત્રિવેદી એ વ્યાખ્યાન આપ્યું હતું. ડો. હર્ષદ ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં હર્ષદ ત્રિવેદીએ બાળકની આંખમાં ઉઘડતા વિસ્મયના આકાશને અસીમ ગણાવી બાળ કવિતા ક્ષેત્રે વિવેચનની દિશામાં થયેલ પ્રદાનને મુલ્યવાન ગણાવ્યું હતું.

● સાહિત્ય અકાદમી દિલ્હી, દર્શન ફાઉન્ડેશન તથા લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ સંયુક્ત ઉપક્રમે સણોસરા ખાતે દર્શન શતાબ્દી પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું

જેમાં અકાદમીના પ્રાદેશિક સચિવ (મુંબઇ) શ્રીકૃષ્ણ કિંબહુ એ સ્વાગત કર્યું હતું. ડો. સિતાસું યશચંદ્ર એ પ્રારંભિક વકતવ્ય આપ્યું હતું. જ્યારે બીજરુપ વકતવ્ય મનસુખ સલ્લાએ આપ્યું. કાર્યક્રમના અધ્યક્ષ સાહિત્યકાર ડો. શિરીશ પંચાલ હતા. આભારવિધી ટ્રસ્ટી અરુણભાઇ દવેએ કરી હતી. આ કાર્યક્રમમાં 'દર્શકનું મનોવિશ્વ' વિશે વિદ્યુત જોશી, મહેન્દ્ર ચોટલીયા અને પ્રકાશન શાહે વકતવ્યો આપ્યાં હતા. જ્યારે રઘુવીર ચૌધરી અધ્યક્ષ સ્થાને હતા. બીજે દિવસે 'દર્શકની ભાવસૃષ્ટિ' વિશે બિંદુ ભટ્ટ, મૃદુલા પારેખ, રમણ સોની, બળવંત જાની, હર્ષદ ત્રિવેદી, ધીરેન્દ્ર મહેતા અને કાલિન્દી પરીખે 'દર્શક'નો નવલ કથા અને નાટ્ય સાહિત્ય વિશે વકતવ્યો આપ્યાં હતા.

● મેઘાણી સાહિત્ય સભા દ્વારા 'મેઘાણી એવોર્ડ'

વડોદરાના જાણીતા ગઝલકાર ખલીલ ધનતેજવીને મેઘાણી સાહિત્ય સભા સુરત દ્વારા પૂ. મોરારિ બાપુના હસ્તે 'મેઘાણી એવોર્ડ' અર્પણ કરવામાં આવ્યો છે.

● ડો. તુષાર ન. દેસાઇના કાવ્યસંગ્રહ 'અભિવ્યક્તિ'નું લોકાર્પણ

શ્રી દયાળજી કેળવણી મંડળ, સુરત પ્રેરિત અન વયસ્ક અનાવિલ સંગઠન સુરતના ઉપક્રમે યોજાયેલા ડો. તુષાર ન. દેસાઇના કાવ્યસંગ્રહ 'અભિવ્યક્તિના લોકાર્પણ સમારોહમાં વીરનર્મદ દ. ગુજ. યુનિ. સુરતના કુલપતિ ડો. દક્ષેશ ઠાકરે કહ્યું હતું કે 'કવિ શબ્દનો જાદુગર' છે. જે શબ્દોમાં નવો પ્રાણ પુરે છે. અતિથિ વિશેષ ડો. અશ્વિન દેસાઇએ કહેલું કે 'કવિ એ સમાજની આંખો છે.' ડો. પ્રફુલ્લ દેસાઇએ અભિવ્યક્તિનો પરિચય કરાવ્યો હતો. જિતુભાઇ દેસાઇએ આભાર વિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન જનક નાયકે કર્યું હતું.

● યુવા કવિઓને પુરસ્કાર

દિલ્હી સાહિત્ય અકાદમીના ઉપક્રમે વર્ષ ૨૦૧૪નો શ્રેષ્ઠ યુવા સર્જક પુરસ્કાર ગુજરાતીના યુવા કવિ અનિલ ચાવડાને 'સવાર લઇને' માટે અને ભારતીય ભાષા પરિષદ કોલકાતાના ઉપક્રમે કવિ ભાવેશ ભટ્ટને વર્ષ ૨૦૧૪નાં યુવા પુરસ્કાર એનાયત થયો છે.

● ગાંધીનગર સાહિત્યસભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે સાહિત્યિક પરિસંવાદ યોજાયો

તાજેતરમાં ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે તા. ૨૬-૨-૨૦૧૫ના ગુરુવારના રોજ બ્રહ્મભવન, વિદ્યા લાઇબ્રેરીની બાજુમાં સેકટર-૧૬ ગાંધીનગર ખાતે સાહિત્યિક પરિસંવાદનો સુંદર કાર્યક્રમ યોજાઇ ગયો.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. તે પછી સંસ્થાના પ્રમુખ ભરત કવિએ શબ્દોથી સૌને આવકારી સ્વાગત કર્યું હતું અને કવિ નટવર હેડાઉએ સંસ્થાનો પરિચય આપ્યો હતો. અને મહેમાનો દ્વારા દિપ પ્રાગ્ટ્ય કરી ઉદ્‌ઘાટન થયું.

તે પછી ગાંધીનગરના સાહિત્યકારોનાં પુસ્તકોનું લોકાર્પણ ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદના પ્રમુખ ધીરુ પરીખ અને અતિથિવિશેષ પ્રફુલ્લ રાવલ તેમજ મંચસ્થ મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ભરત કવિ સંપાદિત 'લોકવિદ્યા - વિમર્શ.' નટવર હેડાઉના બે પુસ્તકો 'પર્યાવરણ પથદર્શન' અને 'આંખે દેખ્યું આંદામાન, જય ગજ્જરનું પુસ્તક - સાબરને કાંઠે, અશ્વિન પટેલનું પુસ્તક અમૂલ્ ખજાનો' અને બાબુલાલ વણઝારાના કાવ્ય સંગ્રહ તેમજ યુવા લેખક - યશ પટેલના વાર્તાસંગ્રહનું વિમોચન થયું હતું.

તે પછી પ્રથમ બેઠકના વક્તા વરિષ્ઠ કવિ હરિકૃષ્ણ પાઠકે યશવંત શુક્લ શતાબ્દિ વંદના નિમિત્તે તેમનું મહત્ત્વપૂર્ણ વકતવ્ય રજૂ કરતાં યશવંત શુક્લના જીવન અને કવન પર પ્રકાશ પાથર્યો હતો. તેમજ પ્રફુલ્લ રાવલે 'યશવંત શુક્લના સંસ્મરણો' રજૂ કરી તેમની વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં રચાયેલ કૃતિઓ અંગે વિગતે વાત કરી હતી. જ્યારે ઉદ્‌ઘાટક અને કાર્યક્રમના અધ્યક્ષ એવા ધીરુ પરીખ યશવંત શુક્લ જન્મ શતાબ્દિના આ પ્રથમ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અને તેમના સાહિત્યનું સમગ્રલક્ષી દર્શન કરાવવા બદલ રાજીપો વ્યક્ત કર્યો હતો.

બીજી બેઠકમાં જાણીતા કવિ ગઝલકાર યોસેફ મેકવાને જુદા જુદા કવિઓની કવિતાઓના ઉદાહરણ આપી કવિતાના વિવિધ પાસાઓ અંગે વિસ્તૃત છણાવટ કરી હતી. તેમજ બીજા વક્તા કેનેડા સ્થિત જય ગજ્જરે ડાયસ્પોરા સાહિત્ય અંગે વિગતવાર વાત કરતાં ડાયસ્પોરા સાહિત્યનો ઇતિહાસ અને આજના યુગમાં તેના મહત્ત્વ વિશે વકતવ્ય રજૂ કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્વાતિ શુક્લએ કર્યું હતું જ્યારે આભારવિધિ મૂળજીભાઇ પરમારે કરી હતી.

જો આપણે દૃઢ સંકલ્પથી, પોતાના ધ્યાન-અભ્યાસ પ્રત્યે સમર્પિત થઈ જઈએ તો આપણે પણ સફળ થઈ શકીએ

જીવનના લક્ષ્યો પ્રત્યે પૂરેપૂરું સમર્પણ
- સંત રાજિન્દર સિંહ જી મહારાજ

જો આપણે બધાં જ યુગોમાં થઇ ગયેલા સંતો-સત્ગુરૂઓના જીવન ઉપર નજર કરીએ તો આપણે બધાંમાં એક એવો ગુણ જોઇશું કે જે એમની સફળતા માટે અતિ આવશ્યક હતો. એવું નહતું કે તેઓ અલૌકિક શક્તિઓ લઇને જન્મ્યા હતા. એવું નહતું કે તેઓ માનવથી વધુ કંઇક હતાં. જો કોઇ ગુણ એમને બીજાથી જુદો કરતો હતો, એ હતો આધ્યાત્મિક લક્ષ્યો પ્રત્યે પૂરેપૂરૂ સમર્પણ. એમણે પોતાની આંખો પોતાના ધ્યેય ઉપર ટકાવી રાખી અને એ ત્યાં સુધી ન અટક્યાં, જ્યાં સુધી એ પોતાના ધ્યેય સુધી પહોંચ્યા નહીં. જો આપણે જીવનમાં કોઇ પણ ધ્યેય પામવા ઇચ્છતા હોઇએ તો એમાં સફળતાનો રાઝ છે કે તડકો હોય કે વરસાદ, સમુદ્ર શાંત હોય કે તોફાની, આપણે પોતાના ધ્યેય ઉપર અડગ રહેવું જોઇએ. એ સત્ય છે . છો પછી આપણે આધ્યાત્મિક લક્ષ્ય પામવા ઇચ્છતા હોઇએ કે પછી દુનિયાવી કોઇપણ ઉપલબ્ધિ મેળવવા ઇચ્છતા હોઇએ. જે લોકોએ રમતગમત, વિજ્ઞાન અને કળાના ક્ષેત્રમાં દુનિયાવી સિદ્ધિઓ મેળવી છે, એમણે પણ લક્ષ્ય પ્રત્યે પોતાના સમર્પણના પરિણામે આ આશ્ચર્યજનક પરિણામ મેળવ્યા છે.

આ સંદર્ભમાં, ભારતના મહાન લેખક, કવિ અને ચિંતક, રવીન્દ્રનાથ ટાગોરના જીવનનો એક સુંદર કિસ્સો છે. એમણે શાંતિનિકેતન આશ્રમની સ્થાપના કરી અને એ ત્યાં દરરોજ સખત મહેનત કરતાં હતાં. એકવાર, ૧૯૩૯માં મહાત્મા ગાંધી એની પાસે આવ્યા અને એમણે ત્યાં એક જાહેર પ્રવચન આપ્યું. ભાષણ પછી એમણે રવીન્દ્રનાથ ટાગોરની સાથે સમય વીતાવ્યો અને પરસ્પર રસરૂચિના વિષયો ઉપર ચર્ચાવિચારણા કર્યા. બપોરના ભોજન પછી, જ્યારે ગાંધી જી આરામ કરવા ચાલ્યા ત્યારે આશ્રમના કેટલાંક કાર્યકર્તા, જે રવીન્દ્રનાથ ટાગોરના ભક્ત હતાં, એમની પાસે આવ્યા.

'ગાંધી જી, શું આપ અમારી મદદ કરી શકો છો ?' એમણે પૂછ્યું.

'આપને શું જોઇએ ?' મહાત્મા ગાંધી એ પૂછ્યું.

'અમે રવીન્દ્રનાથ ટાગોર જી ના સ્વાસ્થ્ય બાબતે ચિંતિત છીએ. એમનું સ્વાસ્થ્ય સારૂં નથી. દાક્તરોએ એમને આરામ કરવાની સલાહ આપી છે પરંતુ એ માનતા નથી. બપોરના ભોજન પછી, એ તરત જ કામે લાગી જાય છે અને એક ક્ષણ પણ આરામ કરતા નથી. અમે એમનું સ્વાસ્થ્ય વધુ બગડે એવું ઇચ્છતા નથી. '

ગાંધી જી એ પૂછ્યું, ' આપ એવું કેમ ઇચ્છો છો કે હું એમને કંઇક કહું ? ' એમણે કહ્યું, 'અમે જાણીએ છીએ કે તેઓ આપની સલાહની વિરૂદ્ધ જશે નહીં.' એટલે ગાંધી જી રવિન્દ્રનાથ ટાગોરને આ વાત કહેવા માટે તૈયાર થઇ ગયાં કે તેઓ થોડોક આરામ કરવાનું રાખે.

જ્યારે ગાંધીજી આરામ કરી ચૂક્યા હતાં, ત્યારે એ ટાગોર જી ના નિવાસ ઉપર પહોંચ્યા. એમણે જોયું કે ટાગોર જી પોતાના કામમાં પૂરેપૂરા ડુબેલા હતાં. જ્યારે ટાગોર જી એ ઉપર જોયું અને ત્યાં ગાંધી જી ને જોયા તો એમણે એમને પૂછ્યું, ' શું આપને અહીં આરામ નથી તે આપ આટલા જલદી પોતાના વિશ્રામને છોડીને અહીં આવી ગયા ?'

ગાંધી જી એ કહ્યું, ' હું આપની પાસે કંઇક માગવા આવ્યો છું. કૃપા કરીને એ શું છે એ પૂછ્યાં વિના, આપ મને એટલું આપો.'

ટાગોર જી એ કહ્યું, ' પહેલા મને કહો તો ખરાં કે એ શું ચીજ છે ?'

' ઘણું સારૂં.' ગાંધીજી એ કહ્યું, ' હું આપની પાસે એ માગવા આવ્યો છું કે બપોરના ભોજન પછી, આરામ કરી લેવાનું રાખો જેથી આપનું સ્વાસ્થ્ય બગડે નહીં. આપ આજકાલ સ્વસ્થ્ય નથી.'

ટાગોર જીએ જવાબ આપ્યો,' હું આવું કેવી રીતે કરી શકું ? મારે તમને સાચી વાત કહેવી પડશે જેથી આપ સમજી શકો. જ્યારે હું બાર વર્ષનો હતો ત્યારે મેં પવિત્ર જનોઇ ધારણ કરી હતી. તે સમારંભમાં મેં એક નિયમ લીધો હતો કે હું કોઇપણ કારણથી, દિવસના કોઇપણ સમયે ક્યારેય આરામ નહીં કરું. અત્યાર સુધી મેં મારો આ નિયમ પાળ્યો છે. હું બીજા કેટલા વર્ષ જીવીશ ? હું હવે શા માટે એ નિયમ તોડું? પોતાના નિયમ પ્રત્યે ટાગોર જીના દૃઢ સંકલ્પ અને સમર્પણથી ગાંધીજી ભાવુક થઇ ઉઠ્યા. ૬૭ વર્ષોથી ટાગોર જીએ દિવેસ ક્યારેય આરામ નહોતો કર્યો. ગાંધી જી લક્ષ્ય પ્રત્યે તેમના સમર્પણથી પ્રભાવિત થઇ ગયા હતા. ગાંધી જીએ ત્યારે તેમને કહ્યું,' હવે હું આપની સફળતાનું રહસ્ય જાણું છું.'

જો કોઇ સાંસારિક લક્ષ્ય પ્રત્યે સમર્પિત થઇ શકે અને ટાગોરજી જેવી મોટી સફળતા મેળવી શકે છે, તો જરા વિચારો, આધ્યાત્મિક ક્ષેત્રમાં વ્યક્તિ ઘણું બધું કરી શકે છે. જો આપણે દૃઢ સંકલ્પથી, પોતાના ધ્યાન-અભ્યાસ પ્રત્યે સમર્પિત થઇ જઇએ, જેમ ટાગોરજી પોતાના લેખન અને સાંસારિક કાર્યો પ્રત્યે સમર્પિત હતા, તો આપણે પણ સફળ થઇ શકીએ. મુશ્કેલી એ નથી કે આપણે આધ્યાત્મિક વિકાસનું સામર્થ્ય નથી ધરાવતા. કારણ કે આ ભેટ આપણામાંથી દરેકને ઉપલબ્ધ છે. પણ મુશ્કેલી એ છે કે આપણામાં સમર્પણ નથી. એક દિવસ આપણે કેટલીક મિનિટો માટે ધ્યાન ટકાવી રાખીએ છીએ, પછી ફરીથી થોડા દિવસ માટે બિલકુલ ધ્યાન-અભ્યાસ નથી કરતા અને ત્યારે પછીના દિવસે આપણે એક કલાક ધ્યાન-અભ્યાસ કરીએ છીએ અને બની શકે કે, કેટલાક ખાસ દિવસોમાં આપણે વારંવાર લાંબા સમય સુધી ધ્યાન-અભ્યાસ કરીએ. આ સાચું સમર્પણ નથી. આ ફક્ત અડધા મનથી કરવામાં આવેલો પ્રયત્ન છે. પણ જો આપણે નિયમિત રીતે રોજેરોજ ધ્યાન-અભ્યાસમાં યોગ્ય સમય આપીએ તો આપણે મનવાંછિત વિકાસ સાધી શકીશું.

જે વાસ્તવમાં આધ્યાત્મિક વિકાસ ઈચ્છે છે, તે લક્ષ્ય પ્રત્યે દૃઢ સંકલ્પ રાખી તેને મેળવી શકે છે. જો એકવાર આપણે પાકો નિર્ધાર કરી લઈએ અને તેના પર એટલી દૃઢતાથી ટકી રહીએ, જેમ ટાગોર જી પોતાના સાંસારિક લક્ષ્યો પર ટકી રહ્યા હતા, ત્યારે આપણે આંતરિક આધ્યાત્મિક મંડળોમાં ઊડતા રહીશું.

કોનું મહત્ત્વ વધુ : પાતાળકૂવાનું કે પરબનું ?

રોહિતો પદેશ
- રોહિત શાહ

લાઇફમાં ક્યારેક કસોકટીની ક્ષણે મનમાં દ્વિધા ઊપજે છે : અનુસરવું કોને - દિલને કે દિમાગ ને? બુદ્ધિની નિશ્રામાં રહેવું કે લાગણીની નિશ્રામાં? પ્રજ્ઞાનું કહ્યું કરવું કે સંવેદનનું?

કહેવાતા મહાત્માઓ દિમાગથી એટલે કે બુદ્ધિની આભડછેટ પાળે છે, પોતાના ભક્તોને વારંવાર ઉપદેશ આપે છે કે ખબરદાર, જો બુદ્ધિના કહ્યા પ્રમાણે ચાલશો તો તમારી ખરે નહીં રહે! બુદ્ધિ તમને ભવાટવીમાં ભટકાવી મારશે. લાગણીથી ગુરુમાં શ્રદ્ધા રાખીને એમાં જ સ્થિરતા કેળવો.

કહેવાતા તર્કવાદીઓ બુદ્ધિની એટલે કે દિમાગની ફેરવ કરશે. તેમની દૃઢ માન્યતા એવી હોય છે કે બુદ્ધિ આપણને તરતાં શિખવાડે છે, જ્યારે લાગણી આપણને તરતાં શિખવાડે છે, જ્યારે લાગણી આપણને તણાતાં શિખવાડે છે. લાગણી ઘેટાંના ટોળાં ઊભા કરે છે, બુદ્ધિ આપણને સિંહ બનાવે છે.

સાચી વાત એટલી જ છે કે લાઇફમાં કેટલાક નિર્ણયો દિલથી કરવા પડે અને કેટલાક નિર્ણયો માત્ર બુદ્ધિથી જ કરવા પડે. આપણે જાણીએ છીએ કે લાગણી પાસે પોતાનું અજવાળું નથી હોતું, એણે ઉછીના અજવાળે ચાલવાનું હોય છે; પરંતુ બુદ્ધિ પાસે પોતાનું અજવાળું હોય છે. એને કદી ઉછીના અજવાળે ચાલવાનું પસંદ નથી હોતું.

ભગવાન મહાવીરે શ્રદ્ધા કરતાં પ્રજ્ઞાને ઊંચા આસને બેસાડી હતી. પ્રજ્ઞા એટલે બુદ્ધિ. બુદ્ધિ વડે વિચારવાનું હોય કે ધર્મ શું છે અને અધર્મ શું છે. બુદ્ધિથી નિર્ણય કરવાનો હોય કે સદ્‌ગુરુ કોણ છે અને અવળા રવાડે ચડાવનાર ગુરુ કોણ છે. કઇ તરફ જવું એનો નિર્ણય બુદ્ધિ દ્વારા જ થવો જોઇએ. કહેવાયું છે કે 'યસ્ય નાસ્તિ સ્વયં પ્રજ્ઞા, શાસ્ત્રં તસ્ય કરોતિ કિમ્?' એટલે કે જે વ્યક્તિ પ્રજ્ઞાહીન (મૂરખ, અણઘડ) છે તેને તો શાસ્ત્રો પણ શું મદદ કરી શકવાનાં?

ભગવાન મહાવીર દીર્ઘદષ્ટા હતા. તેમણે બુદ્ધિ વડે ધર્મનો અનુભવ કર્યો હતો અને લાગણી વડે ધર્મનું અનુસરણ કર્યું હતું. માતા-પિતાની હયાતીમાં દીક્ષા નહિ લેવાનો અને માતાપિતાના અવસાન પછીય મોટા ભાઇની વાતનો સ્વીકાર કરીને થોડો વધુ સમય સંસારમાં રહેવાનો નિર્ણય તેમણે લાગણીથી કર્યો હતો. પરિવારમાં કોઇનું દિલ દુભાવીને પોતે દીક્ષા લેવા નહોતા દોડી ગયા, છતાં સંયમમાર્ગે જવાનો તેમનો અણનમ નિર્ધાર તો હતો જ. બુદ્ધિએ ધર્મમાર્ગથી ચલિત થતાં તેમને રોક્યા હતા. જો માત્ર લાગણીથી અનુસરવાનું હોત તો કદાચ મહાવીર સંસારમાં જ રહ્યા હોત, પણ તેમને પ્રજ્ઞા તેમને સ્વયંના કે તેમને કદી કોઇને લાગણીના પ્રવાહમાં તણાઇ જવાનો ઉપદેશ નહોતો આપ્યો. તેમણે કદી પોતાની સભામાં શ્રોતાઓને રડાવીને તેમના દાગીના-વૈભવ છોડાવીને પોતે તેનો પ્રત્યક્ષ કે પરોક્ષ વહીટવ નહોતો કર્યો, એટલે તેમણે બુદ્ધિ કરતાં શ્રદ્ધાને નીચા આસને મૂકી હતી.

એક બીજી વાત પણ વિચારજો કે આ જગતમાં જે કાંઇ પ્રગતિ-વિકાસ થયાં છે એ માત્ર અને માત્ર બુદ્ધિ, જ્ઞાન અને પ્રજ્ઞાથી જ થયાં છે. જમીનના પેટાળમાં જળ ક્યાં પડેલું છે એ બુદ્ધિ શોધી કાઢે છે અને પુરુષાર્થ વડે એ ભૂગર્ભના જળને બહાર ખેંચી લાવે છે. લાગણી બહુ- બહુ તો પાણીની પરબ માંડી શકે, જતા-આવતાં લોકોને એક પ્યાલો પાણી આપવાનું કામ કરી શકે, પરંતુ પાતાળમાંથી પાણીને બહાર લાવવાનું કામ બુદ્ધિ જ કરી શકે. બહાર કાઢેલા પાણીને દૂર-દૂરના વિસ્તારો સુધી કેવી રીતે પહોંચાડવું, એ પાણીને શુદ્ધ કઇ રીતે કરવું, એને શીતળ શી રીતે બનાવવું - વગેરે કાર્યો માત્ર અને માત્ર બુદ્ધિથી જ પાર પડાતાં હોય છે, છતાં ટ્રેજેડી એ છે કે પાણીની પરબ ઉપર એના દાતાની તકતી લાગેલી હોય છે; પાણીને શોધી કાઢનારનું નામ ક્યાંય લેવાતું નથી.

પરબ ઉપયોગી છે એમાં બે મત ન હોય, પણ પાણી જ ન હોય તો પરબ બિચારી શું કરે?

આજે ઠેર-ઠેર ધર્મ-અધ્યાત્મની પરબો માંડીને કેટલાક દલાલો બેઠેલા જોવા મળે છે. તેઓ હંમેશા પોતાની પરબનો પ્રચાર કરવાનો ઉદ્યમ કરતાં રહે છે. તરસ્યા લોકો પાતાળકુવાને ભૂલી જાય એટલી હદે પોતાની પરબનાં ગુણગાન ગાય છે.

બુદ્ધિની આભડછેટ પાળનારાઓથી સાવધાન. તેઓ તેમને માત્ર ઘેટાં જ બનાવશે. લાગણીથી દૂર ભાગવાનું શિખવાડનારાઓથી પણ ચેતજો, નહીંતર જીવન સાવ શુષ્ક થઇ જશે. સુખ પેદા કરવાનું કામ બુદ્ધિનું છે અને એનો આનંદ માણવાનું કામ લાગણીનું છે. આ સત્ય સમજાઇ જાય તો નો પ્રોબ્લેમ.